# સમર્થ સાહિત્યકાર મુનશી અને પૃથિવીવલ્લભ

ડૉ. મુકુંદભાઈ એચ. પટેલ
બી.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

## ૧. ભૂમિકા

ગાંધીયુગના સમર્થ અને પ્રભાવકારી સાહિત્યકાર. મહાત્મા ગાંધીના વ્યક્તિત્ત્વની અને વિચારોની ઊંડી અસર ગુજરાતી સાહિત્ય પર પડી તેમ મુનશીની સર્જનપધ્ધતિ અને ગદ્યશૈલીની એવી જ અસર એ યુગના ગુજરાતી સાહિત્ય પર પડી છે. ગુજરાતી સાહિત્યને નવો ઓપ અને નવો વળાંક આપ્યો અને એ રીતે 'મુનશી સંપ્રદાય' સાહિત્યમાં અસ્તિત્ત્વમાં આવ્યો છે અને તેથી કેટલાક વિવેચકો ગાંધીયુગને 'મુનશીયુગ' કહીને ઓળખાવે છે. 'ઘનશ્યામ' ઉપનામથી સાહિત્ય સર્જન કર્યું છે. સૌપ્રથમ 'અસ્મિતા' શબ્દ પણ તેમણે આપ્યો છે.

## ૨. જન્મ, ઉછેર, અભ્યાસ અને ઘડતર

જન્મ ઈ.સ.૧૮૮૭માં ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ કુટુંબમાં. કુટુંબ વંશપરંપરાથી ગામમાં/જ્ઞાતિમાં પ્રતિષ્ઠિત ગણાતું અને 'ટેકરાના મુનશી' એવા નામે ઓળખાતું. પિતાજી માણેકલાલ સરકારી અમલદાર. માતા તાપીબાઈ ધર્મપરાયણ અને સાહિત્યપ્રેમી. જન્મથી જ પ્રતાપી અને તેજસ્વી વાતાવરણમાં ઉછેર થયો. આપણા પ્રાચીન ભાર્ગવ ઋષિઓ અને એ ઋષિઓએ પ્રગટાવેલી પ્રાચીન ભારતીય સંસ્કૃતિઓ પ્રત્યે બાળપણથી જ મુનશીના મનમાં આદરભર્યો ભક્તિભાવ જન્મ્યો. પ્રાચીન સંસ્કૃતિ અને ઋષિ પરંપરા પ્રત્યેની એમની આદરભક્તિ એમનાં પૌરાણિક નાટકો અને નવલકથાઓમાં પ્રગટી.

માતા સાહિત્યપ્રિય અને ભરૂચમાં આવતી નાટકમંડળીઓનાં અસરકારક નાટકો જોવાથી બાળક મુનશીના મનમાં સાહિત્ય પ્રત્યેની રુચિ અને જિજ્ઞાસા જન્મ્યાં. વાચનભૂખ ઉઘડે છે. તેથી તેમના પિતાએ યુરોપીય સાહિત્યની કિશોરકથાઓ તરફ વાળ્યા. કિશોર કથાઓ તરફ વાળ્યા. કિશોર મનુશીએ સર વોલ્ટર, સ્કોટ, વિક્ટર હ્યુગો, એલેક્ઝેન્ડર ડૂમા વગેરેને ઉત્સાહભેર વાંચ્યા. એ સૌની ઊંડી અસર એમના મન ઉપર પડી. પ્રેમશૌર્યની વિખ્યાત નવલકથાઓ લખનાર ફ્રેંચ નવલકથાકાર એલેક્ઝેન્ડર ડૂમાએ તો મુનશી ઉપર જાણે કામણ કર્યું અને મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં ડૂમાની શૈલી અને સર્જનપદ્ધતિ અનુસરવાનો પ્રયાસ કર્યો.

અભ્યાસ સુરત, ધંધુકા, ભરૂચ અને વડોદરા સ્થળે થયો. વડોદરાની કોલેજમાં અરવિંદ ઘોષના પરિચયમાં આવ્યા. આ પ્રાધ્યાપકનો ઊંડો પ્રભાવ મુનશી ઉપર પડ્યો. એમનામાં સ્વદેશપ્રેમ તથા રાષ્ટ્રીય અસ્મિતાના સંસ્કારો દૃઢ થયા. સ્નાતક થયા પછી કાયદાનો અભ્યાસ કર્યો અને એ પૂરો થતાં મુંબઈમાં ધારાશાસ્ત્રી તરીકેનો વ્યવસાય આરંભ્યો. ભારતભરમાં જાણીતા બન્યા. ગાંધીજીની ચળવળોમાં સક્રિય ભાગ લઈ અનેકવાર જેલવાસ વેઠી સંનિષ્ઠ નેતા બન્યા. મુંબઈ સરકારના પ્રધાન તરીકે, કેન્દ્ર સરકારના અન્નખાતાના પ્રધાન તરીકે અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે એમ વિવિધ રાજકીય અને વહીવટી સ્થાનોએ રહી દેશને મહત્ત્વની સેવાઓ આપતા રહ્યા. પ્રાચીન ભારતીય સંસ્કૃતિને અને આપણી રાષ્ટ્રીય અસ્મિતાને, પુનઃજીવિત કરવાના શુભ આશયથી મુંબઈમાં 'ભારતીય વિદ્યાભવન'

નામની સંસ્થા સ્થાપી છે. જે આજે પણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ નિર્માણ કરવા મથામણ કરે છે.

**૩. મુનશીનું સાહિત્ય**

ઈ.સ.૧૯૧૨માં 'મારી કમલા' નામની ટૂંકી વાર્તા 'ઘનશ્યામ'ના ઉપનામે લખી સાહિત્યસર્જનનો પ્રારંભ કરે છે. 'ગુજરાત' સામાયિકમાં 'વેરની વસૂલાત' અને 'કોનો વાંક?' આ બે સામાજિક નવલકથાઓ લખાય છે. ખૂબ વખણાય છે. તેમણે કવિતા સિવાય સાહિત્યના બધા જ સ્વરૂપો ખેડેલા છે.

**૪. નવલકથા ક્ષેત્રે પ્રદાન**

વેરની વસૂલાત (૧૯૧૩), 'કોનો વાંક?' (૧૯૧૫), પાટણની પ્રભુતા (૧૯૧૬), ગુજરાતનો નાથ (૧૯૧૮), પૃથિવીવલ્લભ (૧૯૨૦), રાજાધિરાજ (૧૯૨૪), સ્વપ્નદષ્ટા (૧૯૨૪), લોપામુદ્રા ભા-૧ (૧૯૩૩), લોમહર્ષિણી (૧૯૪૫), ભગ્નપાદુકા (૧૯૫૫), તપસ્વિની ભાગ-૧-૨ (૧૯૫૭-૧૯૫૮), કૃષ્ણાવતાર ખંડ ૧ થી ૫ (૧૯૬૩-૭૦).

**૫. નાટક**

પુરંદર પરાજય (૧૯૨૨), અવિભક્ત આત્મા (૧૯૨૩), 'બે ખરાબ જણ' (૧૯૨૪), આજ્ઞાંકિત (૧૯૨૭), કાકાની શશી (૧૯૨૮), પુત્રસમોવડી (૧૯૨૯), પીડાગ્રસ્ત પ્રોફેસર (૧૯૩૩), છીએ તેજ ઠીક (૧૯૪૮), વાહ રે ભૈ વાહ (૧૯૪૯).

**૬. નવલિકા**

મારી કમલા અને બીજી વાતો (૧૯૨૧)

**૭. જીવનચરિત્ર**

નરસૈંયો ભક્ત હરિનો (૧૯૩૩), નર્મદઃ અર્વાચીનોમાં આદ્ય (૧૯૩૯), નરસિંહ યુગના કવિઓ (૧૯૬૨)

**૮. આત્મચરિત્ર**

'ટેકરાના મુનશી', 'અડધે રસ્તે' (૧૯૪૨), 'સીધાં ચઢાણ' (૧૯૪૩), સ્વપ્નસિધ્ધિની શોધમાં (૧૯૫૩),

**૯. પ્રવાસ**

'મારી બિનજવાબદાર કહાણી' (૧૯૪૩)

**૧૦. નિબંધો**

ગુજરાતના જ્યોતિર્ધરો (૧૯૨૫), થોડાંક રસદર્શનો (૧૯૩૪), ગુજરાતની અસ્મિતા (૧૯૩૬), 'પરિષદને પ્રમુખપદેથી' ૧૯૫૫.

**૧૧. અંગ્રેજી પુસ્તકો**

'ગુજરાત એન્ડ ઈટ્સ લિટરેચર' (૧૯૩૫), અખંડ હિંદુસ્તાન (૧૯૪૨) 'ધ ક્રિએટીવ આર્ટ ઑફ લાઈ' (૧૯૪૬) ભગવદ્ગીતા એન્ડ મોર્ડન લાઈફ (૧૯૪૮)

આ બધી કૃતિઓમાં જો કોઈ ઉત્તમ ત્રણ કૃતિઓ ગણાવી હોય તો તે 'ગુજરાતનો નાથ' (૧૯૧૮), 'પૃથિવીવલ્લભ' (૧૯૨૦), અને 'જય સોમનાથ' (૧૯૪૦) ગણી શકાય.

**૧૨. ગુજરાતનો નાથ**

*યુવાન જયસિંહની કથા છે. જેણે સ્વતંત્ર બનવું છે. નવલમાં સિધ્ધરાજ જયસિંહ અને મુંજાલ મહત્ત્વના પાત્રો. કાક, મંજરી, મીનળ, કીર્તિદેવના પાત્રો ભાવકને મુગ્ધ કરે છે. જયસિંહ, મુંજાલ અને કાક આ ત્રણેયને ગુજરાતનો નાથ બનવાની મહત્ત્વાકાંક્ષા દેખાય છે. સમગ્ર ગુર્જર પ્રદેશનો વિજય અને સમગ્ર આર્યાવર્તમાં તેની પતાકા ફરકે એ ત્રણેની મહત્ત્વાકાંક્ષા છે. તેથી ત્રણે જણા પોતપોતાની રીતે ગુજરાતનો નાથ થવા પ્રયત્ન કરે છે.*

*નવલમાં કાક-મંજરી, મીનળદેવી-મુંજાલ, રાણકદેવી-સિધ્ધરાજ જયસિંહ આ યુગલો દ્વારા પ્રણયકથા સર્જી મુંજાલની મુત્સદીગીરી, કાકનું શૌર્ય, કીર્તિદેવની દેશદાઝ. રસમય શૈલીમાં નિરૂપણ કરીને જીવંત સંવાદોની રજૂઆત કરેલી છે. વાર્તામાં બે પ્રવાહો (૧) એક બાજુ રાજકીય ખટપટો અને (૨) બીજી બાજુ પ્રણય સમાંતર ચાલે છે. પાત્ર પાત્ર વચ્ચેનો, વિચારનો, વ્યક્તિત્ત્વનો અને લાગણીનો સંઘર્ષ સર્જે છે અને ઝડપથી વીર, શૃંગાર, કરુણ, અદ્ભુત એમ વિવિધ રસની સંક્રાંતિ કરે છે.*

**'જય સોમનાથ'** *(૧૯૪૦)*

*ઈતિહાસમાં બની ગયેલી ઘટનાનો ચિતાર આપે છે. જેમાં મુસ્લિમોનું આક્રમણ અને આક્રમણનો ભોગ બનેલ ગુજરાતનું પ્રસિધ્ધ સોમનાથ મંદિરની વાત ગૂંથી લેવામાં આવી છે. આ કથામાં મુસ્લિમો અને રજપૂતોની શૌર્યના અને વીરતાના દર્શન કરાવ્યાં છે. વાર્તામાં પ્રણયભાવનું નિરૂપણ કેન્દ્રમાં છે.* ***ભીમદેવ સોલંકી*** *અને* ***ચૌલા*** *નામની નર્તકીની વાત કરવામાં આવે છે. ચૌલા સોમનાથના પૂજારી ગંગ સર્વરી અને ગંગાની પુત્રી છે. ચૌલા દેવદાસી છે પોતાની જાતને ભગવાન સોમનાથને સમર્પિત કરી દીધી છે.*

*રજપૂતો વીરતાથી લડે છે. કેસરિયાં કરે છે. દગાખોરોને લીધે પ્રભાસ પાટણનું પતન થાય છે. વાર્તામાં ભીમદેવ ચૌલાને પ્રેમ કરે છે. જ્યારે ચૌલા ભીમદેવના રૂપમાં શંકર ભગવાનનાં દર્શન કરે છે અને પોતાને પાર્વતી રૂપે કલ્પીને ભીમદેવ સાથે લગ્ન કરે છે. ગર્ભવતી થાય છે. પણ જ્યારે સોમનાથ પર હુમલો થયો ત્યારે તે* ***ભીમદેવને હારતાં જુવે છે*** *અને તે સમયે તેનો ભ્રમ ભાંગે છે અને* ***આઘાત સહન ન થતાં તે શિવમંદિરમાં જ નૃત્ય કરતાં કરતાં મૃત્યુ પામે છે.***

**'પૃથિવીવલ્લભ'** *(૧૯૨૦)*

*૪૪ વર્ષની ભરયુવાનીમાં મુંજનું પ્રતાપી રાજવીનું વ્યક્તિત્ત્વ સ્પર્શી ગયું. તેમાં થોડીક છૂટછાટો લઈને ઐતિ. વિગતો સાથે અર્વાચીન જીવનભાવનાના રંગો મુનશીએ પૂર્યા છે.*

*મુનશીએ ઈતિહાસની પાયાની હકીકતો મુંજના સમકાલીન કવિઓ તથા વિદ્વાનોની રચનાઓ 'મુંજરાસાતા' તથા 'મુંજપ્રબંધ' માંથી મેળવેલી છે. મનુશીને પ્રાચીન પાત્રો માટે ગૌરવ હતું તેથી મુંજ મહાસમર્થ, વિદ્યાવ્યાસંગી, તેજસ્વી અને રસીક રાજવીનું ગૌરવ ગાવાની તક કેવી રીતે જતી કરે ?*

*અવંતિ નરેશ મુંજ પોતાની શૂરવીરતા, વિદ્વતા અને રસિકતા તેમજ ઉદારતા માટે ભારતખંડમાં પ્રસિધ્ધ હતો. સ્વબળથી પોતાનું સામ્રાજ્ય વિકસાવે છે. અનેક ખંડિયા રાજાઓને વશ કરીને ચક્રવર્તી પદ પ્રાપ્ત કરે છે. તે વીર, રસિક, સર્જક, કવિ અને વિદ્યાવ્યાસંગી હતો અનેક કવિઓને રાજ્યમાં આશ્રય આપે છે. કોઈ કામદેવનો અવતાર માને છે તો કોઈ સરસ્વતી દેવીનો કૃપા પાત્ર માને છે. સમગ્ર પ્રદેશની પ્રજા એનાં રૂપ, ગુણ, શુરવીરતા, ઉદારતા,*

સ્વસ્થતા ઉપર મુગ્ધ છે. જીવન તરફની માધુર્યપૂર્ણ અને ઉલ્લાસમય દષ્ટિથી લોકોએ સ્વયંભૂ 'પૃથ્વી વલ્લભ' 'પૃથ્વીનો સ્વામી' એવું બિરુદ આપેલું છે.

ઉત્તરમાં માલવાના ઈતિહાસમાં ભોજ રસિકદેવ તરીકે જાણીતો હતો અને આ ભોજ પૂર્વ માલવપતિ મુંજ ઈતિ.માં એક માત્ર પ્રતાપી રાજવી તરીકે હતો. તેને રાજ્યની સીમાઓ વધારી હતી સમરાંગણ ભૂરો હતો. સમગ્ર ભારત વર્ષમાં તેની હાક હતી. આ મુંજે **દક્ષિણમાં આવેલા તૈલંગણના** ચાલુક્ય વંશના રાજા **તૈલપ**ને સોળ સોળ વખત હાર આપી હતી. આ **તૈલપ** પોતાના કલંકને ભૂસવા ૧૭મી વાર મુંજ ઉપર ચઢાઈ કરે છે અને તેમાં તે વિજયી બને છે. મુંજ હારે છે અને કેદ થાય છે.

મુંજની મહત્તા અને પ્રતિષ્ઠા તૈલંગણના નરેશ તૈલપને અને તૈલપની બહેન (વિધવા) મૃણાલવતીને આંખના કણાની જેમ ખૂંચતી હતી. આ બંનેની દષ્ટિએ એક માત્ર શત્રુ મુંજ છે. મૃણાલવતી કુરૂપ, બાળવિધવા હતી. પોતાના ભાઈ તૈલપ સાથે રહે છે. મૃણાલવતી પોતાના નાનાભાઈને રાજકીય પાઠશાળાના પાઠો ભણાવી તૈયાર કરે છે અને તૈલપમાં **મહત્ત્વાકાંક્ષાના** બીજનું આરોપણ કરે છે.

વૈધવ્યને કારણે મૃણાલની રસિકવૃત્તિ મૃત બની હતી. વૈધવ્યને કારણે તે કઠોર, કડક, સંયમી, ક્રુર શિસ્તની આગ્રહી બની હતી. આનંદ જેવું કશું નથી. તૈલપને અને પુત્રને કડક શિસ્ત માટે તૈયાર કરેલા છે.

તૈલપને મોટાંબહેન માટે આદર છે. મૃણાલના પ્રતાપી વ્યક્તિત્ત્વને વંદન કરે છે. અંતરમાં બહેન પ્રત્યે આદર અને ભક્તિ છે.

તૈલપ નાનો છે. તેથી નામનો જ રાજા છે. સાચી સત્તા અને પ્રભાવ તો મૃણાલના જ હતા. મૃ.વતી જ સાચી સત્તાના સૂત્રો સંભાળે છે. મૃણાલવતી તૈલપની મહત્વાકાંક્ષાને તેજ કરે છે. દિગ્વિજયી બનવા ઉશ્કેરે છે. **રાજ્યમાંથી આનંદ, કલા, પ્રમોદ સર્વનો ત્યાગ કરવાની પ્રજાને ફરજ પાડવામાં આવે છે. પ્રજામાં નાચ, ગાન, આનંદ, રસ કશું બચ્યું નથી. મૃણાલવતીની ઈચ્છા ભાઈ દિગ્વિજયી બને અને મુંજ જેવું સામ્રાજ્ય સ્થાપે તે છે અને પૃથિવીવલ્લભનું બિરુદ પ્રાપ્ત કરે.** તૈલપને રોમેરોમમાં દવ લગાડે છે અને તેથી તૈલપ વારંવાર મુંજ સાથે ટકરાય છે, હારે છે, નામેશેભરી શરણાગતિ સ્વીકારે છે. **મુંજની ભરસભામાં પગ ધોવાનો કલંકિત પરાજય તે સ્વીકારે છે.** આવી નાલેશીભરી હારથી મુંજ પ્રત્યે તૈલપના મનમાં પ્રચંડ આક્રોશ ઉઠે છે. મુંજની પ્રતિષ્ઠાને ખાખમાં મેળવવા કૃતનિશ્ચય બને છે.

સોળ સોળ વાર પરાજિત થયેલો તૈલપ પુનઃપ્રતાપી બનીને મુંજ પર આક્રમણ કરે છે. છેલ્લા સંગ્રામમાં તૈલપે પોતાના સેનાપતિ ભિલ્લમના પરાક્રમથી મુંજને જીવતો કેદ કરે છે. મૃણાલવતીનું મન નાચવા લાગે છે. હવે મુંજનું અપમાન કરાશે અને તેને હલકો પાડવાની/અભિમાન ઉતારવાની તક મળશે.

તૈલપ જીત મેળવીને રાજ્યમાં પુનઃઆવે છે ત્યારે એની વિજયસવારીને સત્કારવા લોકો તલપાપડ છે. આ સવારીમાં મુંજને બંદીવાન હાલતમાં ચલાવવામાં આવે છે. મૃણાલવતી મુંજને કેદીઓની સાથે, કેદી વેશે ચાલતો જોવા વિજયયાત્રા નિહાળવા અટારીએ આવે છે. પણ પરિણામ જુદુ આવે છે. પરાજયની વચ્ચે પણ મુંજ વિજેતાની જેમ ગર્વથી ડગ માંડતો હતો એ જ સ્વસ્થતા, એ જ મુખ પરંતુ તેજ અને હાસ્ય ? મુંજની પૌરુષસભર મૂર્તિ નિહાળતાં જ મૃણાલવતીનું મોં પડી ગયું. તે વિચારે છે. 'આવો પુરુષ... આવુ રૂપ... આવું હાસ્ય ? પ્રતાપી વ્યક્તિત્ત્વથી અંજાઈ

જાય છે અને મુંજ માટે **મનમાં પ્રીતની મધુર ક્ષણ પ્રગટી ઉઠે છે.** પણ સંયમના કઠોર પાઠ ભણેલી મૃણાલ મનની એ નિર્બળ ક્ષણને જન્મતાં પહેલાં જર્જરિત બનાવી દેવા કટિબદ્ધ થાય છે.

તૈલપ કડક બંદોબસ્ત હેઠળ મુંજને રાજગ્રહના ભોંયરામાં પૂરે છે, કેદીની પંગુ અને દીનહીન દશામાં મુંજ તો એ જ સદાબહાર સ્વસ્થ, ઉલ્લાસમય, બેપરવા અને ગૌરવમંડિત લાગે છે. **પરાજયની તેને પડી નથી. જય-પરાજયના સાંસારિક કાટલાં (માપ)** નરપુંગવના **હૃદયને અસર કરી શકે તેમ નથી.** તૈલપના કારાગૃહમાં પણ એ તો અવંતિના સિંહાસને બેઠો હોય એવી જ શાન, શોભા, પ્રભાવથી રહે છે.

મુંજના આ ગૌરવને હણવા તેને નીચો પાડવા ભોંયરામાં મૃણાલવતી તેને મળવા જાય છે. મુંજના સ્વભાવ/પ્રભાવ આગળ ઝાંખી લાગે છે, પોતે પરાજિત થાય છે, વાગ્યુધ્ધમાં મુંજ તેની હસ્તીને પડકારે છે. તેથી તે સૂક્ષ્મ રીતે મુંજથી પરાજિત અને પ્રભાવિત થઈને પાછી ફરે છે.

મૃણાલનો હવે મુંજને મળવાનો ચસ્કો વધી જાય છે. મુંજના પ્રભાવમાં લપેટાય છે, મુંજને મનોમન ચાહવા લાગે છે. વારંવાર કેદી મુંજને તે મળવા દોડે છે. મુંજ ઉપર સંયમ, શિસ્ત અને સદાચારની વાતો ઠસાવવા પુરુષાર્થ કરે છે. જ્યારે મુંજ એની પ્રસન્ન મુદ્રામાં, સારસ્વત્ વાક્ધારામાં મૃણાલવતીને જીવનમાં રસ અને આનંદનું મૂલ્યભાન કરાવતો જાય છે. મૃણાલનું હૃદય પલળતું જાય છે. મુંજ ક્રમશઃ મધુર વચનોથી અને આલિંગનથી આ પ્રૌઢ તાપસીમાં **સ્નેહ** અને **વિલાસની** વણબૂઝી પ્યાસને છંછેડે છે. પ્રચંડ **વલોપાત પછી મૃણાલ મુંજને સર્વસ્વ સમર્પિત કરી દે છે. મૃણાલવતી પરાજિત બને છે. આકુળ-વ્યાકુળ બની મુંજના બાહુમાં સમાવવા અધીરી બને છે. સંયમની શીલા હટી જાય છે** ને શિસ્તના કવચ નીચે દબાયેલ રસવૃત્તિ ગાંડી બનીને ઊછળવા લાગે છે. મૃણાલવતી પ્રેમમાં પાગલ બની જાય છે. તે અતૃપ્ત પ્રિયાની જેમ વણ વિચાર્યા વગર કાર્યો કરવા લાગે છે. તે તૈલપને અંધારામાં રાખે છે અને અંધારામાં તે મુંજની મધુર મુલાકાતો દ્વારા પ્રેમના સંવનને પ્રબળ બનાવે છે. **વર્ષોની ઉપાસના, ત્યાગ, તપ, તૈલપનો ડર, લોકલાજ** આ બધાને નેવે મૂકીને રસિક સ્વામી એવા મુંજના મિલન માટે ઉત્સુક અભિસારિકા બની જાય છે. **લોકોની આંખમાં ધૂળ નાંખતી જાય છે.**

**પાપનો ભાંડો ફૂટે છે અને તે પણ મૃણાલવતી દ્વારા જ. મુંજનો ભત્રીજો ભોજ** તે કવિના છુપા વેશે મુંજને કેદખાનામાંથી ભગાડી જવાનું કાવતરું કરે છે. ભોજ મધરાતે આવે છે. આ વખતે મુંજ બેફિકરાઈથી કહે છેઃ 'મૃણાલે આજે રાત્રે મળવાનો વાયદો કર્યો છે. **પ્રાણ જાય તો ભલે પણ વાયદો ના તૂટે'** બને તો આવતી કાલે આવજો અને મૃ.વતીને મારી સાથે લઈ જવાની તૈયારી રાખજો. ભોજ આ વાતથી ભડકે છે. પ્રેમને બાજુએ રાખી નાસી જવાની તક ઝડપી લેવા મુંજને સમજાવે છે. ભયંકર પરિણામો સમજાવે છે.

પણ બેપરવા મુંજ તો **પ્રાણ કરતાંય પ્રિયતમાને આપેલા વચનથી વધુ કિંમત સમજે છે.** ભોજ શક્ય હશે તો આવીશ એમ કહીને વિદાય લે છે. બીજીબાજુ મૃણાલવતી મુંજને મળવા આવે છે. અને **બીજી રાત્રિએ પોતાની સાથે ભાગી જવા મુંજ તેને સમજાવે છે.** મૃણાલને કાવતરાની વાત કરી દે છે. મૃણાલ નાસી જવાની સંમતિ આપે છે. પણ કેદની બહાર નીકળ્યા પછી જો નાસી જઈએ તો કયા લાભ/ગેરલાભ થાય તેની ગણતરીમાં પડે છે. પોતે અવંતિની પટરાણી બને તો શું મળે અને શું ગુમાવવું પડે તેની સરવાળા-બાદબાકી કરે છે. તે વિચારે છે કે મુંજ રસિક છે. અનેક સુંદરીઓનો સથવારો રહેવાનો. ત્યાં ગયા પછી મુંજ તરછોડે તો બે બાજુથી લટકે. આમ થાય તો તૈલંગણની એકહથ્થું સત્તા જાય, પ્રતિષ્ઠા ખતમ થાય, ભાઈનો વિશ્વાસ જાય, પ્રજાનો વિશ્વાસ જાય, મુંજનો સથવારો જાય આ બધુ કર્યા કરતાં જો મુંજને સર્વદા અહીં ભોંયરામાં જ કેદ રખાય તો તે પોતાની નજરમાં ને પોતાના હાથમાં રહે.

નિરાંતે એની સાથે પ્રેમફાગ ખેલાય. સૌની આંખમાં ધૂળ નાંખી મુંજ સાથે પ્રેમના ફાગ ખેલી શકાય. આમ **પુનઃ એના પ્રેમ ઉપર સંયમી અને તાપસી વિચારોનો વિજય થયો.**

હવે મૃણાલવતી મુંજ કારાગૃહમાંથી ભાગી જાય નહીં તે માટેના પ્રયત્નોમાં લાગી ગઈ. મુંજના **કાવતરાની** ઘટના **તૈલપના પુત્ર સત્યાશ્રય**ને જણાવી મુંજ નાસીના જાય તેની તકેદારી સોંપે છે. બીજી રાત્રિએ ભોજ જ્યારે ગુપ્ત માર્ગે મુંજને છોડાવવા પેઠો ત્યારે યુવરાજે છાપો મારી મુંજને જતો રોક્યો. મુંજ કેદખાનામાં રહ્યો અને ભોજ ભાગી છૂટ્યો ભોજ ભાગતાં ભાગતાં **યુવરાજ સત્યાશ્રય**ની પ્રેમિકા/પત્ની જે ભિલ્લમની દીકરી હતી તે **વિલાસવતી**ને પોતાની સાથે ઉપાડી ગયો. યુવરાજે ભોજની પૂંઠ પકડી ભોંયરામાં જંગ જાગ્યો. ભોજે વીરને ગૌરવ થાય તેમ સત્યાશ્રયને હરાવ્યો, પણ જીવતો જવા દીધો. પોતાની ભાવી પત્નીને આંખે દેખતાં ઉપાડી ગયો એટલે તે છંછેડાયો. પાછા ફરતાં આ નિર્દયી અને નિર્લજ્જ **યુવરાજે** આ અભાન **વિલાસવતીનું** માથુ દગાથી કાપી લીધું.

વિલાસવતીની માતા **લક્ષ્મી** પોતાની દીકરીનું કરુણ મૃત્યુ જોઈ છંછેડાઈ અને મૃણાલ અને મુંજની ગુપ્ત વાત જાહેર કરી. **લક્ષ્મી** દ્વારા મૃણાલની પ્રેમલીલાનો ભાંડો ફૂટેલો જોઈ તૈલપ ઉપર આભ તૂટી પડ્યું. તે હતપ્રત બની ગયો. મૃણાલ સ્તબ્ધ બની ગઈ. અને **મૃણાલે** સત્યનો સ્વીકાર કર્યો.

મૃણાલની આ પ્રીતિરીતિથી ભાન ભૂલી તૈલપ વિપરિત નિર્ણયો લેવા લાગ્યો **તૈલપે મુંજને સાત દિવસ સુધી** નગરમાં ભીક્ષા માંગવાની અને અંતે હાથીના પગ નીચે કચડાવી નાખવાની સજા કરી.

મૃણાલવતીનું સ્વાર્થી ગણિત ખોટુ પડ્યું. મુંજ તો અંત સુધી સ્વસ્થ ગર્વ અને આનંદ સાથે શૃંગની જેમ ઉભો. ભીક્ષા માંગતી વખતે વ્યક્તિત્વ મોહક મૃણાલની આંખમાં આંસુ છે. **મુંજ તેની પાસે ભિક્ષા માંગવા જતા કહે છે,** "હવે શાનું દાન આપશો મૃણાલ ? જે કંઈ હતું તે તો ક્યારનુંય આપી દીધું?" મૃણાલ એકદમ દોડી અને મુંજના પગમાં પડી ગઈ અને બોલી ક્ષમા કરો, મહારાજ ! પૃથ્વીવલ્લભ મેં તમને જીવતા માળ્યા ! **મુંજે ઉઠાડી પ્રેમથી, "મારુ મૃત્યુ તો જન્મ્યો ત્યારથી નક્કી હતું તેમાં તમે શું કરો ?"** ઉઠો, શોક ના કરો, હિંમત ના હારો ! મુંજ સામે હાથી આવે છે, 'જય મહાકાળ' મુંજ બોલે છે અને પ્રસન્નતાથી મૃત્યુને વરે છે.

આમ, ભવ્ય પુરુષની (કલાપ્રેમી) એક ભવ્ય વીરોચિત ગાથા છે.

**સંદર્ભ ગ્રંથો**

૧. મુનશી, ક.મા. (૧૯૨૬). કેટલાક લેખો, પ્રથમ આવૃત્તિ
૨. મુનશી, લીલાવતી (૧૯૬૯). રેખાચિત્રો, પ્રથમ આવૃત્તિ
૩. Op cit. (૧૯૮૮). ગુજરાતની અસ્મિતા, પ્રથમ આવૃત્તિ
૪. _______. (૧૯૫૨). સંપાદકઃ ગુજરાતની કીર્તિગાથા, પ્રથમ આવૃત્તિ
૫. _______. (૧૯૬૬).ચક્રવર્તી ગૂર્જરી, પ્રથમ આવૃત્તિ
૬. _______. (૧૯૨૦). પૃથિવીવલ્લભ, પ્રથમ આવૃત્તિ